بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.13-01-2017 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અમુક લોકો સમજે છે કે દીન અને મઝહબ તેમની સ્વતંત્રતામાં રોક છે અને તેમાં પાબંદીઓ લગાવે છે પરંતુ અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે કે وَمَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّينِ مِنْ حَرَجٍ અર્થાત દીનની તાલીમમાં તમારા પર કોઈ પણ તંગીનો પહલું નથી નાખ્યું બલ્કે શરીઅતનો ઉદેશ્ય તો ઈન્સાનના બોઝોને કમ કરવા છે અને માત્ર આ જ નહી બલ્કે તેને પ્રત્યેક પ્રકારની મુશ્કેલીઓ તથા ખતરાઓથી બચાવવું છે. આમ, અલ્લાહ તઆલાના આ નિર્દેશમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ દીને ઈસ્લામ જે તમારા માટે ઊતારવામાં આવ્યું છે, તેમાં એવો કોઈ આદેશ નથી જે તમને મુશ્કેલીમાં નાખે બલ્કે નાનામાં નાના આદેશથી લઈને મોટામાં મોટા આદેશ સુધી, પ્રત્યેક આદેશ રહેમત અને બરકત માટે છે. માટે ઈન્સાનની સોચ ગલત છે, અલ્લાહ તઆલાનો કલામ ગલત નથી હોઈ શકતો. જો અલ્લાહ તઆલાના બંદા થઈને આપણે તેના આદેશ અનુસાર ન ચાલીશું તો પોતાનું જ નુકસાન કરીશું. જો ઈન્સાન બુધ્ધિથી કામ ન લેશે તો શૈતાન, જેણે પહેલાં દિવસથી જ આ નકકી કરેલું છે કે હું ઈન્સાનોને પથભ્રષ્ટ કરીને હાનિ પહોચાડીશ, તે ઈન્સાનને તબાહીના ખાડામાં નાખશે. માટે જો આ હુમલાથી બચવું છે તો અલ્લાહ તઆલાના આદેશો માનવાની જરૂર છે. કેટલીક વાતો આમ તો નાની લાગે છે પરંતુ સમયની સાથે સાથે તેમને નાની સમજવાને કારણે, તેના પરિણામ અત્યંત ભયાનક સ્થિતિ ધારણ કરી લે છે. માટે એક મોમિનને કદાપી કોઈ પણ આદેશ નાનો ન સમજવો જોઈએ. આજ કાલ આપણે જોઈએ છીએ કે દુનિયાના અધિકતર લોકો દીનથી દુર થઈ ગયા છે જેના કારણે તેમની બુરાઈ તથા અચ્છાઈના સ્તર પણ બદલાતા જઈ રહ્યા છે. ઉદાહરણ તરીકે આ યુગમાં આપણે જોઈએ છીએ કે સ્વતંત્રતા તથા ફેશનના નામે સ્ત્રી અને પુરૂષોમાં નગ્નતા ફેલાય રહી છે. પ્રગતિશીલ હોવાની નિશાની આ છે કે સાર્વજનિક નિર્લજ્જતા કરવામાં આવે, શરમ નામની કોઈ વસ્તુ જ નથી રહી અને સ્વભાવિક રીતે તેનો પ્રભાવ પછી આપણા બાળકો અને બાળકીઓ ઉપર પણ થશે, જે અહીયા રહે છે અને એક સીમા સુધી થઈ પણ રહ્યું છે. અમુક બાળકીઓ જ્યારે જવાનીમાં કદમ મુકે છે તો મને લખે છે કે ઈસ્લામમાં પર્દો કેમ જરૂરી છે ? કેમ અમે તંગ જીન્સ તથા ટૉપ પહેરીને બુરખા વગર ઘરની બહાર નથી જઈ શકતા ? કેમ અમે યુરોપની આઝાદ છોકરીઓની જેમ કપડા નથી પહેરી શકતા ? પ્રથમ વાત તો આપણે હંમેશા આ યાદ રાખવી જોઈએ કે જો આપણે ધર્મ પર કાયમ રહેવું છે તો પછી આપણે ધર્મની તાલીમ અનુસાર કામ કરવું પડશે. જો આપણે આ ઘોષણા કરવી છે કે અમે મુસલમાન છીએ તથા દીન પર કાયમ છીએ તો પછી પાબંદી પણ જરૂરી છે. અલ્લાહ તઆલા તથા તેના રસૂલના આદેશોનું પાલન પણ જરૂરી છે. આંહઝરત સ.અ.વ.ને ફરમાયા કે લજ્જા ઈમાનનો ભાગ છે, તો લજ્જાવાન કપડા અને પર્દો આપણા ઈમાનને બચાવવા માટે જરૂરી છે. જો પ્રગતિશીલ દેશ , સ્વતંત્રતા તથા ઉન્નતિના નામે પોતાની લજ્જાનો વિનાશ કરી રહ્યા છે તો તેનું કારણ એ છે કે તેઓ ધર્મથી પણ દુર હટી ગયા છે. માટે એક અહેમદી બાળકી જેણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે, તેણે આ પ્રતિજ્ઞા કરી છે કે હું દીનને દુનિયા પર પ્રાથમિકતા આપીશ. એક અહેમદી બાળકે, જેણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે, એક અહેમદી વ્યકિતએ, પુરૂષએ, મહિલાએ માન્યા છે, તેણે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવાનો અહદ કર્યો છે અને આ પ્રાથમિકતા ત્યારે જ અપાશે જ્યારે ધર્મ અનુસાર કર્મ કરીશું. આ પણ આપણો સૌભાગ્ય છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપણને પ્રત્યેક વાત ખોલીને ફરમાવી દીધી છે. માટે આ બેપર્દગી અને નિર્લજ્જતા વિશે એક સ્થાને બયાન ફરમાવે છે કે યુરોપની જેમ બેપર્દગી પર પણ લોકો જોર આપી રહ્યા છે પરંતુ આ કદાપી ઉચિત નથી. આ જ મહીલાઓની સ્વતંત્રતા, પપ, અને દુરાચારનું મૂળ છે. જે દેશોએ આ પ્રકારની સ્વતંત્રતાને વધારો આપ્યો છે જરાક તેમની શિષ્ટાચારનું અનુમાન લગાવો. જો તેમની સ્વતંત્રતા તથા બેપર્દગીથી તેમનું સન્માન તથા સદાચાર વધી ગયું છે

તો અમે માની લઈશું કે અમે ભૂલ પર છીએ પરંતુ આ વાત ખુબ સ્પષ્ટ છે કે જ્યારે પુરૂષ તથા સ્ત્રી જવાન હોય તથા સ્વતંત્રતા તથા બેપર્દગી પણ હોય તેમના સંબંધ કેટલા ભયાનક હશે. ખોટી નજર નાખવી તથા મનોવૃત્તિના કારણે અધિકતર પાપમાં લિપ્ત થઈ જવું ઈન્સાનની પ્રવૃત્તિ છે. પછી જે અવસ્થામાં પર્દામાં અસંતુલન હોય છે તથા પપ અને દુરાચારમાં લિપ્ત થઈ જાય છે તો સ્વતંત્રતા હોવા પર શું નહ શે. પુરૂષોની અવસ્થા વિશે વિચાર કરો કે તેઓ કેવા બેલગામ ઘોડાની જેમ થઈ ગયા છે. ન ખુદાનો ડર રહ્યો છે, ન આખિરતમાં વિશ્વાસ છે, દુન્યવી આનંદ પોતાનો મઅબૂદ બનાવી રાખ્યો છે. માટે સર્વ પ્રથમ જરૂરી છે કે સ્વતંત્રતા અને બેપર્દગીથી પહેલા પુરૂષોના શિષ્ટાચારને ઠીક કરો જો તે ઠીક થઈ જાય તથા પુરૂષોમાં એટલી શકિત હોય કે તેઓ પોતાની મનોવૃત્તિઓમાં લિપ્ત ન થઈ શકે તો તે સમયે આ વાત્ને છેડો કે શું પર્દા અનિવાર્ય છે કે નથી, નહીતર વર્તમાન પરિસ્થિતિઓમાં આ વાત પર જોર આપવો કે આઝાદી તથા બેપર્દગી હોય તો માનો બકરીઓને વાઘ સામે મુકી દેવી છે. તે લોકોને શું થઈ ગયું છે કે કોઈ વાતના પરિણામ પર વિચાર નથી કરતા. પોતાના અતંરમનથી જ કામ લે કે શું પુરૂષોની દશા એવી સુધરી ગઈ છે કે મહીલાઓને બેપર્દા તેમની સામે રાખવામાં આવે.

હુઝુર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું કે આજ કાલના સમાજમાં જે બુરાઈઓ આપણને જોવા મળે છે તે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના એક એક શબ્દની પુષ્ટી કરે છે. માટે પ્રત્યેક અહેમદી છોકરા છોકરીઓ અને પુરૂષો તથા સ્ત્રીઓએ પોતાની લજ્જાના ધોરણ ઊચા કરતા સમાજના ગંદથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ. આ માતા પિતાનું અને ખાસ કરીને માતાનું કામ છે કે નાની ઉમરથી જ બાળકોને ઈસ્લામી તાલીમ અને સામાજીક બુરાઈઓ વિશે જણાવે તો જ આપણી નસ્લો દીન પર કાયમ રહી શકશે અને નામચીન પ્રગતિશીલ સમાજના ઝેરથી સુરક્ષિત રહી શકશે. એક છોકરીએ મને પત્ર લખ્યો કે હું ખુબ ભણી ચુકી છું અને મને બેન્કમાં સારૂ કામ મળવાની આશા છે. હું પુછવા ચાહું છું કે શું જો ત્યાં હિજાબ લેવા અને પર્દા પર પાબંદી હોય, કોટ પણ ન પહેરી શકતી હોવ તો શું હું તે કામ કરી શકું છું ? કામથી બહાર નિકળીશ તો હિજાબ લઈ લઈશ. કહે છે કે મેં સાંભળ્યું હતું કે આપે કહ્યું હતું કે કામ વાળી છોકરીઓ પોતાના સ્થાને પોતાનો બુરખો, હિજાબ ઉતારી શકે છે. આ છોકરીમાં એટલી તો ભલાઈ છે કે તેણે સાથે જ આ પણ લખી દીધું કે આપ જો ના પાડશો તો કામ નહી કરૂં

હુઝુર અનવરએ ફરમાવ્યું કે આ એક નહી અનેક છોકરીઓનો સવાલ છે. ફરમાવ્યું કે ડૉક્ટરોને કેટલીક પરિસ્થિતિઓમાં વિવશતા હોય છે ત્યાં પ્રચલિત બુરખો અથવા હિજાબ પહેરીને કામ નથી થઈ શકતું, જેવું કે ઑપરેશન કરતી વખતે પરંતુ ત્યાં તેમનો પહેરાવ એવો હોય છે કે માથા પર પણ ટોપી હોય છે, મસ્ક પણ પહેર્યો હોય છે, ઢીલો ઢાલો પહેરાવ હોય છે. રબ્વાહમાં આપણી એક ડૉક્ટર હતી, ડૉ.ફહમીદા, હંમેશા અમોએ તેમને પર્દામાં જોઈ છે. ડૉ. નુસરત જહાં હતી, ખુબ પાક્કો પર્દો કરતી હતી.

તેવી જ રીતે મેં રિસર્ચ કરનાર છોકરીઓને કહ્યું હતું કે કોઈ છોકરી જો એટલી પ્રતિભાશાળી છે કે રિસર્ચ કરી રહી છે તથા લેબોરેટરીમાં ત્યા તેમનો વિશેષ કપડા પહેરવા પડે છે તો ત્યાં તે તેમની જરૂરીયાત મુજબ કપડા પહેરી શકે છે, બેશક હિજાબ ન લે. ત્યાં તેમણે ટોપી પહેરી હોય છે પરંતુ બહાર નિકળતા જ તે પર્દો હોવો જએઈએ જેનો ઈસ્લામએ આદેશ આપ્યો છે. ફરમાવ્યું કે બેન્કની નૌકરી કોઈ એવી નૌકરી નથી કે જેના દ્વારા કોઈ માનવ સેવાનું કામ થઈ રહ્યુ હોય. માટે સાધારણ નૌકરીઓ માટે હિજાબ ઊતારવાની અનુમતિ નથી આપી શકતા જ્યારે કે નૌકરી પણ એવી કે જેમાં છોકરી દૈનિક કપડા તથા મેકઅપમાં હોય, કોઈ વિશેષ કપડા ત્યાં નથી પહેરતા. માટે હંમેશા યાદ રાખવું જોઈએ લજ્જા માટે હયાદાર કપડા અનિવાર્ય છે અને પર્દાનો આ સમયે પ્રચલિત તરીકો, હયાદાર કપડાનો જ એક ભાગ છે. જો પર્દામાં ઢીલ આપશે તો પછી પોતાના હયાદાર કપડામાં પણ અનેક મુશ્કેલીઓ પૈદા કરી લેશે તથા પછી આ સમાજના રંગમાં રંગીન થઈ જશે જ્યાં પહેલા જ બેહયાઈ વધતી જઈ રહી છે. દુનિયા તો પહેલાથી આ વાત પાછળ પડેલી છે કે તે લોકો જે પોતાના ધાર્મિક નિર્દેશો પર ચાલનાર છે તથા વિશેષ રૂપમાં મુસ્લિમ છે, તેમને કોઈ પણ પ્રકારે ધર્મથી દુર કરે.

ઈસ્લામ વિરોધી શકિતઓ તેના પર પુરો જોર લગાવી રહી છે કે ધાર્મિક શિક્ષાઓ તથા પ્રથાઓ મુસ્લિમોમાંથી સમાપ્ત કરી દઈએ. આ લોકો આ પ્રયાસમાં છે કે ધર્મને અભિવ્યકતની સ્વતંત્રતા અને અતં:કરણની સ્વતંત્રતાના નામે એ રીતે સમાપ્ત કરવામાં આવે કે તેમના પર કોઈ આરોપ ન આવે કે જુઓ અમે જબરન ધર્મને નષ્ટ કરી રહ્યા છીએ. આપણે દુઆઓ પર પણ જોર આપવું જોઈએ કે અલ્લાહ તઆલા આ શૈતાની ચાલોનો મુકાબલો કરવાનો આપણને સાહસ અને તોફીક આપે અને આપણી સહાયતા પણ કરે. જો આપણે સત્ય પર છીએ અને નિ:સંદેહ છીએ તો પછી એક દિવસ આપણી સફળતા પણ સંદેહ હીન છે, ઈસ્લામની શિક્ષાએ જ દુનિયા પર વિજય થવું છે.

ઈસ્લામ હંમેશા રહેનાર છે, કુરઆન શરીફની શિક્ષા કયામત સુધી છે. માટે આપણ વગર કોઈ હીન ભાવના પોતાની શિક્ષા અનુસાર કાર્ય કરવાનો પ્રયાસ કરવો જોઈએ તથા તેના પર મજબૂત રહેવું જોઈએ અને બીજાને પણ બતાવવું જોઈએ કે તમે જે આ વાતો કરી રહ્યા છો, અલ્લાહ તઆલાની ઇચ્છાને વિરૂધ્ધ છે તથા વિનાશ તરફ લઈ જનાર છે. ઈસ્લામ કોઈ એવો ધર્મ નથી જે ઈન્સાનને અનુચિત પ્રકારની પાબંદીઓમાં જકડી દે છે બલ્કે જરૂરીયાત મુજબ પોતાની શિક્ષાઓમાં છુટની વ્યવસ્થા પણ છે.

અહેમદીઓ એ હંમેશા યાદ રાખવું જોઈએ કે આ યુગ ખુબ ભયાનક યુગ છે. શૈતાન દરેક બાજુથી આક્રમણ કરી રહ્યો છે. જો મુસલમાનો, ખાસ કરીને અહેમદી મુસલમાનો, પુરૂષો, સ્ત્રીઓ, તથા નવજુવાનો, તમામ લોકોએ ધાર્મિક પ્રતિષ્ઠાને સ્થાપિત રાખવાનો પ્રયાસ ન કર્યો તો પછી આપણે બચવાની કોઈ ગેરંટી નથી. આપણે બીજાથી અધિક અલ્લાહ તઆલાની પકડમાં હશું કે આપણે હકને સમજ્યા, હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપણને સમજાવ્યા અને આપણે તો પણ અનુપાલન ન કર્યુ. જો આપણે પોતાને વિનાશથી બચાવવું છે તો પછી પ્રત્યેક ઈસ્લામની શિક્ષા સાથે વિશ્વસ્ત થઈને દુનિયામાં રહેવાની જરૂર છે. આ ન સમજીએ કે પ્રગતિશીલ દેશો સાથે ચાલવામાં જ આપણું સ્થાઇત્વ છે. તેમની પ્રગતિ પોતાની ચરમ સીમા સુધી પહોચી ગઈ છે. અને જે તેમની ગતિવિધિઓ છે આ વસ્તું તેમને પતન તરફ લઈ જાય છે તથા તેના સંકેત જાહેર થઈ ચુકયા છે. અલ્લાહ તઆલાની પ્રસન્નતાને તેઓ અવાજ આપી રહ્યા છે તથા પોતાના વિનાશને બોલાવી રહ્યા છે. માટે આવી પરિસ્થિતિમાં માનવ સહાનુભૂતિ પ્રમાણે આપણે જ તેમને ઉચિત માર્ગ દેખાડીને બચાવવાનો પ્રયાસ કરવો છે. જો તે લોકોનો સુધાર ન થયો જે તેમના અહંકાર તથા ધર્મથી દુરીના કારણે પ્રત્યક્ષ: ખુબ મુશ્કેલ લાગે છે. પછી ભવિષ્યના વિશ્વની પ્રગતિમાં તે કોંમો પોતાની ભુમિકા નિભાવશે જે શિષ્ટાચાર તથા ધર્મની પ્રતિષ્ઠાને સ્થાપિત રાખનાર થશે માટે જેવુ કે મેં પહેલા પણ કહ્યુ કે વિશેષ નવજુવાનોને અલ્લાહ તઆલાની તાલીમ પર ધ્યાન આપવાની જરૂરીયાત છે દુનિયાથી પ્રભાવિત થઈને તેના પાછળ ચાલવા કરતા દુનિયાને પોતાની પાછળ ચલાવવાની જરૂર છે જેવુ કે પર્દા અને લિબાસ વિશે મેં વાત શરૂ કરી હતી આ વિષયમાં આ વાત પણ કહેવા ચાહું છું કે અને ખેદ પુર્વક કહેવા ચાહું છું કે અમુક લોકો કહે છે કે શું ઈસ્લામ અને અહેમદિયતની પ્રગતિ માટે પર્દો જ જરૂરી વસ્તું છે કોઈ કહે છે કે આ તાલીમ જુની થઈ ગઈ છે અને જો આપણે દુનિયાનો મુકાબલો કરવો છે તો આ વાતોને છોડવી પડશે અલ્લાહ ન કરે. પરંતુ એવા લોકો પર સ્પષ્ટ થાય કે જો દુનિયા દારો ની સાથે ચાલતા રહ્યા તથા તેના અનુસાર જીવન વ્યતિત કરતા રહ્યા તો દુનિયાના મુકબલા કરતા સ્વયં દુનિયામાં ડુબી જઈશું. નમાઝો પણ ધીરે ધીરે જાહેરી અવસ્થામાં રહી જશે અથવા અન્ય કોઈ નેકીઓ છે અથવા દીન અનુસાર કર્મ છે તો તે પણ જાહેરી અવસ્થામાં રહી જશે તથા તે પણ ધીરે ધીરે તે પણ સમાપ્ત થઈ જશે.

માટે અલ્લાહ તઆલાના કોઈ પણ આદેશને તુચ્છ ન સમજવું જોઈએ આ ખુબ ભયની સ્થિતિ છે. ઈસ્લામની પ્રગતિ માટે પ્રત્યેક તે વસ્તું જરૂરી છે જેનો ખુદા તઆલા અને તેના રસૂલ સ.અ.વ.એ આદેશ આપ્યો છે. પર્દાની પાબંદીઓ કેવળ સ્ત્રી માટે જ નથી, ઈસ્લામની પાબંદીઓ કેવળ સ્ત્રીઓ માટે નથી. બલ્કે પુરૂષો તથા સ્ત્રીઓ બંને માટે આદેશ છે. અલ્લાહ તઆલાએ પહેલા પુરૂષોને લજ્જા અને પર્દાનો તરીકો બતાવ્યો.

અલ્લાહ તઆલા ફરમાવે છે.

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ۭ ذٰلِكَ اَزْكٰى لَهُمْ ۭ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ ۝

અર્થાત મોમિનોને કહી દે કે પોતાની આંખો નીચી રાખે તથા પોતાની ગુપ્ત અંગોની રક્ષા કરતા રહે આ વાત તેમના માટે અધિક પવિત્રતાનો કારણ છે. નિ:સંદેહ જે તેઓ કરે છે અલ્લાહ તઆલા હંમેશા તેનાથી અવગત રહે છે.

અલ્લાહ તઆલાએ મોમિનોને પહેલા જ કહ્યું છે કે નજરો નિચી રાખો, કેમ ? ذٰلِكَ اَزْكٰى لَهُمْ એટલા માટે કે કેમ કે આ વાત વિશુદ્ધિ માટે અનિવાર્ય છે જો વિશુદ્ધિ નથી તો ખુદા નથી મળતો આ રીતે સ્ત્રીઓના પરદા પહેલા પુરૂષોને કહી દીધું કે પ્રત્યેક એવી વસ્તુંથી જેના દ્વારા તમારી ભાવનાઓ ભળકી શકતી હતી તેનાથી બચો.

હુઝુર અનવરએ ફરમાવ્યું કોઈ પણ અહેમદી છોકરી તથા મહીલાને, કોઈ છોકરાને કોઈ પણ પ્રકારની હીન ભાવનાનો શિકાર થવાની જરૂર નથી. ઈસ્લામની તાલીમ જ છે જેણે વિશ્વને શાંતિપૂર્ણ અને અલ્લાહ તરફ બોલાવનાર બનાવવો છે. દુનિયાને એક સમય પર આભાસ થઈ જશે કે તેના વગર કોઈ રસ્તો નથી કે ઈસ્લામની તાલીમ પર વિચાર કરે તથા તેના અનુસાર કર્મ કરે. પુરૂષોને આ આદેશા આપ્યા પછી કે પોતાની આંખો નીચી રાખો, મહીલાઓનું સન્માન કરો પછી મહીલાઓને વિસ્તાર પૂર્વક આદેશ આપ્યો કે તમારે પણ પોતાની આંખો નીચી રાખવી છે તથા પર્દો કેવી રીતે કરવો છે તથા કોના કોનાથી કરવો છે જો તમે આ વાતો અનુસાર કામ કરશો તો સફળ થઈ જશો. હઝરત મસીહ મૌઉદ અ.સ.એક સ્થાને ફરમાવે છે કે આજ કાલ પર્દા પર હુમલો કરવામાં આવે છે પરંતુ આ લોકો નથી જાણતા કે ઈસ્લામમાં પર્દાનો અર્થ કેદ નથી બલ્કે એક પ્રકારની રોક છે ગૈર મર્દ તથા ઔરત એક બીજાને જોઈ ન શકે જ્યારે પર્દો હશે તો ઠોકરથી બચશે.

ઝીનત અર્થાત શોભાને જાહેર કરવાનો આદેશ જેમના સામે છે તે વિસ્તૃત છે જે નજીકના સંબંધીઓ છે ભાઈ બહેન છે, પતિ છે, બાપ છે, માં છે તેમના બાળકો છે, તેમના સામે માત્ર એટલુ જ છે કે તેમનાથી પર્દો નથી. મેકઅપ વગેરે હોય તો તેમની સામે જાહેર થઈ શકે છે તે સિવાય નહી તેને વિસ્તાર પૂર્વક અલ્લાહ તઆલાએ કુરઆન કરીમમાં બયાન ફરમાવ્યું છે કે જેનાથી, અને તે પણ તે ઝીનત છે જે સ્વયં જાહેર થાય છે અર્થાત ચહેરો છે કદ કાઠ છે આ પ્રકારની ઝીનત. આ અભિપ્રાય: તેમની સામે ઘરમાં તંગ જીન્સ તથા બલાઊઝ પહેરીને ફરી રહી હોય અથવા નગ્ન કપડા હોય આ પર્દો મહરમ 'જેમનાથી પર્દામાં છુટ છે' સગા સંબંધીઓ માટે પણ છે

હુઝુર અનવરે ફરમાવ્યું એક અન્ય વાત હું મુરબ્બિઓ તથા તેમની પત્નિઓને પણ કહીશ કે પોતાનાનો લિબાસ તથા પોતાની નઝરોમાં અત્યાધિક સાવધાની કરે તેમના નમૂના જમાઅત જુએ છે મુરબ્બિ તથા મુબલ્લિગની પત્નિ પણ મુરબ્બિ જ હોય છે અને તેને પ્રત્યેક વાતમાં ઊત્તમ ઉદાહરણ કાયમ કરવું જોઈએ. અલ્લાહ તઆલા કરે કે આપણા પુરૂષ પણ અને મહીલાઓ પણ લજ્જાના ઉચ્ચ ધોરણ કાયમ કરનાર હોય તથા ઈસ્લામના આદેશોની પ્રત્યેક પ્રકાર આપણે બધા પાબંદી કરનાર થઈએ.

******

Khulasa Khutba Jumma Huzoor Anwar 13 January 2017

BOOK POST (Printed Matter)

To.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.